# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૪૭. પૂ. નલિનીબેન જોલાપરા

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. જયવંતીબેન |
| પિતાનું નામ | : | પૂ. જગજીવનભાઇ |
| ભાઇ | : | પૂ. દિનેશભાઇ |
| બહેન | : | પૂ. રજનીબેન, પૂ. હીરાબેન |
| મૂળધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | ગુર્જર સુથાર |
| અભ્યાસ | : | F.Y. Arts, T.D. |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૫-0૭-૧૯૬૬ |
| વ્રતધારણ દિન | : | 0૧-0૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૩૪ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ગરજુ થઈ સેવા કરો દિવ્યભાવ રાખી ખમો. હું જે કાંઈ કરીશ તેમાં પપ્પાજી કે તારાબેન રાજી થશે ? તો કરો.**

પૂ. નલિનીબેનનો જન્મ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રત્યક્ષની નિષ્ઠાવાળા કુટુંબમાં કરાંચીમાં થયો હતો. શ્રીજી મહારાજના વખતમાં ભુજના નિષ્ઠાવાન ભક્ત સુંદરજીભાઈ સુથારના ભાઈ હરજી સુથાર કે જે પણ મહારાજના અનન્ય ભક્તોમાંના છે તેમના વંશજો તે આ નલિનીબેનનું કુટુંબ. તેમના દાદીમાને વડતાલના અબજીબાપાની નિષ્ઠા હતી. નલિનીબેન એક વર્ષના થયા ને તેમનું કુટુંબ ભારત આવી ગયું. ને તેઓ મુંબઈમાં પહેલાં મુલુંડમાં રહ્યાં. ત્યાર પછી નલિનીબેન ૪ વર્ષના થયા ને તેઓ વિમળાબેન મોદી જે બોરીવલીના ચૈતન્ય માધ્યમ હતા તેમની બાજુમાં રહેવા આવ્યા.

એકવાર તેમના દાદીમા કપડાં ધોતાં ધોતાં ભજન ગાતાં હતાં. ત્યાં એક ભાઈ આવ્યા ને કહે, ‘તમે સ્વામિનારાયણના સત્સંગી છો ?’ તેમણે હા પાડી. તો કહે, ‘અહીં અમારા ગુરૂજી યોગીજી મહારાજ આવ્યા છે. તેમના દર્શન કરવા અહીં અવાશે.’ તેઓ ત્યાં ગયા ને નલિનીબેન પણ સાથે હતાં તે પણ ગયા. ત્યારે નલિનીબેનની ઉંમર ચાર વર્ષની હતી. તેમણે પેન્ટ શર્ટ પહેરીને યોગીજી મહારાજના દર્શન દસ ફૂટ દૂરથી કર્યા તે યોગીજી મહારાજની દ્રષ્ટિ પડી ને યોગીજી મહારાજ બોલ્યા, ‘ડોશી આવી ! ડોશી આવી !’ આમ ત્યારે યોગીજી મહારાજની દ્રષ્ટિ પડી ગઈ. તેમને ભણવાનો ખૂબ શોખ. S.S.C. સુધી પહેલો કે બીજો નંબર જ રાખ્યો છે.

વિમળાબેનના ઘરે અવાર નવાર તારદેવથી બહેનો આવતાં. નલિનીબેન બહેનોના દર્શન કરતાં ને મનમાં વિચારે કે આ બહેનોનું જીવન કેવું ઉત્તમ છે ! તેમના માતુશ્રી જયવંતીબેનને પપ્પાજીમાં પ્રભુનો ભાવ અને તારાબેન વિષે દ્રઢ આત્મબુધ્ધિ ને પ્રીતિ થઈ ગઈ હતી. નલિનીબેનને બહેનોનું જીવન જોઈને અંતરમાં ભગવાન ભજવાની ઈચ્છા થઈ. તેમના માતુશ્રીની તબિયત બહુ સારી રહેતી ન હતી. તેમણે તેમના માતુશ્રીને વાત કરી. તો તેમના માતુશ્રીની અંતરની ઈચ્છા હતી જ કે તે ભગવાન ભજે પણ તેમણે કહ્યું, ‘પહેલાં પગભર થઈ જા. કાલ સવારે કદાચ પાછાં આવવાનું મન થાય તો તું કમાઈ શકે.’ એટલે F.Y. Arts નો

કોર્ષ કરી ટીચર્સ ડિપ્લોમાનો એક વર્ષનો કર્યો. દર શનિવારે વહેલાં છૂટી જાય એટલે તારદેવ જાય ને ગોષ્ટિ કરે. તારદેવના બહેનોનાં દર્શનથી, વર્તનથી ભગવાન ભજવાનું હવે નક્કી કરી દીધું. ૧૯૬૫માં વરસોવા શિબિરમાં જવાનું આમંત્રણ મળ્યું.

નલિનીબેને હજુ કોઈને ગુરૂ તરીકે સ્વીકાર્યા ન હતા. આથી વિમળાબેન કહે, 'નલિની ! તારે ભગવાન ભજવા હોય તો તું તારાબેનને ગુરૂ કરજે. તારા અંગને મળતું આવશે.' પરંતુ નલિનીબેનને એવો વિચાર આવ્યો કે મારે જે ગુરૂની જરૂર હોય તે સામેથી મારો સ્વીકાર કરે. ને નલિનીબેન વરસોવા ગયા. ને ત્યાં પ્રથમ તારાબેન જ તેમને મળ્યા ને તેમનો હાથ પકડી તેમને ઉતારે લઇ ગયા ને ત્યાં અડધો કલાક તેમની સાથે બેઠા. આમ તારાબેને અંતર્યામીપણે નલિનીબેનનો સ્વીકાર કર્યો ને પ્રભુએ જ ગુરૂ નક્કી કરી દીધાં. વરસોવા શિબિરમાં પપ્પાજી રોજ ૫૧ બહેનોના નામ લખે ને તેમની મહાપૂજા કરતાં.

નલિનીબેન ટીચર ડિપ્લોમાનો કોર્ષ કરવા ચર્ચગેટ જતાં. દર શુક્રવારે ફ્રી પિરિયડ હોય ત્યારે તારાબેન તેમની કોલેજમાં જતાં ને ગોષ્ટિ કરતાં. ૧૯૬૫માં તેમનું ભણવાનું પુરૂં થયું. તેમના માતુશ્રી ધામમાં ગયાં પણ ત્યારે જગજીવનભાઈને કહેતાં ગયાં કે, નલિનીને તમે ભગવાન ભજવા મોકલજો. આથી તેમના પિતાજીની ઈચ્છા પણ ખરી કે ભગવાન ભજે પણ તેમને એમ કે નાના ભાઈ બહેન મોટાં થઈ જાય પછી જાય. પરંતુ નલિનીબેનને તો પ્રથમ ૫૧મા નંબર લગાવવાની ઘેલછા હતી આથી તેઓ ૧૪મી મેએ તારદેવના બહેનો સાથે વિદ્યાનગર આવ્યાં. ને ૧૯૬૬માં ૧લી જૂને પ્રથમ ૫૧ બહેનોમાં કાષાંબરી દીક્ષા લીધી. ને ગુરૂહરિ પપ્પાજીએ આતમમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું ને જીવને જન્મોજનમનો સુખિયો કર્યો.

તેમના પિતાશ્રીની ઈચ્છાની ખબર પડતાં નલિનીબેનને શ્વેત વસ્ત્રોમાં ઘરે મોકલ્યાં. ને ત્યાં રહી નલિનીબેને તીવ્રતાના ભજન અને પ્રાર્થના કર્યા. તેમનો પોકાર સાંભળી પપ્પાજી મુંબઈ પધાર્યા ને કહ્યું, 'આજથી આ જીવ ભગવાનનો થયો. બસ હવે ત્રણ મહિના.' ને ત્રણ મહિનામાં તેમના ભજન, પ્રાર્થનાથી તેમના પિતાશ્રીએ તેમને રાજી ખુશીથી રજા આપી.

નલિનીબેનમાં ખૂબ ખપ ને નિર્માનીપણું. સેવા ભાવના ઉત્તમ તેથી ખૂબ સેવા કરી છે. રસોડું, સફાઈ, મંદિર, પ્રકાશન, સિવણ વગેરે સાથે માહાત્મ્યના ભજનો બનાવી સાધકોના પ્રેરણાદાયી બન્યાં. આશિષ મંડળની સેવા કરી સ્વરૂપોની હાશ લીધી છે. આજે પણ સમૈયા ઉત્સવનું લખાણ લખે છે, જે જ્યોતની વેબસાઈટ પર મૂકાય છે ને અનેક હરિભક્તો તેનો લાભ લે છે. અંતરમાં પપ્પાજી, તારાબેન અને સહુ સ્વરૂપોને રાજી કરી લેવાની, ઋણ અદા કરવાની તીવ્ર ભાવના છે. તેઓ આધ્યાત્મિકતામાં ખૂબ મહાન છે પણ પગલે – પગલે નિર્માનીપણુ જોવા મળે. સામાના સૂચનને માન્ય કરવાની હોંશ સદાય જીવનમાં જોવા મળે. નાનામાં નાની સેવા પણ ઉત્સાહથી કરી શકે. નાનામાં નાના સાધકના પણ તે ગુણ ગાઈ શકે. તેમણે જીવનમાં સ્વાધ્યાય, ધૂન, ભજન, પ્રાર્થનાને સાથીદાર બનાવ્યા છે. આમ વર્તનથી પણ સાધકોને ખૂબ સૂઝ આપે છે. સાધકોનું જીવન ઘડતર કરે છે.

અત્યારે તેમની તબિયત બહુ સારી નથી રહેતી. પણ સહુ સાધકો માટે મહાપૂજા કરે છે. સુહ્રદ પ્રાર્થનાથી સહુ સાધકોને સાધનામાં જોમ બક્ષે છે. તેમનામાં આધ્યાત્મિક સમતા અને સાધુતાના દર્શન થાય છે. છતાં પણ પળેપળ માને છે કે, મારા જીવનમાં તારાબેન મારા પરમગુરૂ, પરમસખી, માતા પિતા, મોટીબેન છે. તેમણે બધી રીતે મારું ખૂબ જતન કર્યું છે. તેના માટે તેમની પાસે કોઈ શબ્દો નથી.

આવા નલિનીબેનને સહુ સાધકોના કોટિ કોટિ પ્રણામ !!!



## ૪૮. પૂ. ભારતીબેન મોદી

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. ઇચ્છાબેન |
| પિતાનું નામ | : | પૂ. જયંતિભાઇ |
| ભાઇ | : | પૂ. દિનેશભાઇ, પૂ. ગિરીશભાઇ, પૂ. સૂર્યકાન્તભાઇ |
| બહેન | : | પૂ. જ્યોતિબેન |
| મૂળધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | વાણિયા |
| અભ્યાસ | : | ધોરણ – ૭ |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૧-૦૬-૧૯૬૮ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૩૫ |

## સાધનાનું બ્રહ્મસૂત્ર : ગુરૂહરિ ને ગુરૂ રાજી થાય એવા વિચાર, વાણી ને વર્તન કરવા.

ગુણાતીત જ્યોતના બિરબલ એવા પૂ. ભારતીબેનનો જન્મ સ્વામિનારાયણ ધર્મ પાળતા કુટુંબમાં થયો. ભારતીબેનને ગળથૂથી રમણિક અદાએ પીવડાવી છે. અદા તેમના કાકા થાય. આમ તેઓ પહેલેથી જ વિમળાબેન મોદીની બાજુમાં રહેતા હતા. રમણિકભાઇ અદા દાદર મંદિરે જોગીમહારાજ પાસે જાય ને બાપાએ તારદેવ જવાની અને પ.પૂ.પપ્પાજી, પ.પૂ.કાકાજીના કાર્યમાં ભળવાની આજ્ઞા કરી ત્યારથી તારદેવનો જોગ થયો. ભારતીબેન અદાના બહુ લાડકા હતા.

ભારતીબેન વિમળાબેન મોદી સાથે તારદેવ જાય. ૧૯૬૧માં જોગીમહારાજે ૫૧ સંતો કર્યા ત્યારે ભારતીબેનને એમ થાય કે, હું છોકરો હોત તો સાધુ થઇ જાત. આમ નાનપણથી ભગવાનનો જ જીવ હશે. અને આ જોગ આપી દીધો. ૧૯૬૧માં જ સોનાબાને સ્કીનમાં તકલીફ થઇ. આથી અદા અને વિમળાબેનને થાય આપણે બાને ગણેશપુરી લઇ જઇએ. અને તેઓ લઇ ગયા સાથે બીજા અમુક હરિભક્તો પણ હતા અને નાના ભારતીબેનને પણ લઇ ગયા. ત્યાં સોનાબા ગરમ પાણીના કુંડમાં નાહવા જાય ત્યારે ભારતીબેન બાના કપડાં પકડી ઉભા રહે. ત્યારે સોનાબાની દ્રષ્ટિ ભારતીબેન પર પડી ગઇ.

ભારતીબેન ૧૧ વર્ષના હતા ત્યારે સ્કૂલમાં કંઇક પ્રસંગ બની જતાં તેઓ સ્કૂલે ન જતાં. ૬ મહિના ના ગયા. ફરી શરૂ કર્યું પણ પછી તો તેમને થાય કે હવે મારે તો ભગવાન ભજવા છે તો ભણવાનું શું કામ ? આમ પહેલેથી જ જગતમાં રસ જ નહીં. કેવળ અરૂચિ. આમ તો બોરીવલીમાં વધારે જ્યોતિબેન જ આવે પણ તારદેવ દીદી બોલાવે ને કંઇક કંઇક પૂછે એટલે દીદીનો ગુરૂ તરીકે સ્વીકાર થઇ ગયો. ૧૯૬૫ની સાલમાં વરસોવા શિબિર થઇ ત્યારે ભારતીબેન પણ ત્યાં ગયાં હતાં. પછી એક દિવસ પપ્પાજી તારદેવ વચ્ચેની રૂમમાં બેઠા હતા. વિમળાબેન અને ભારતીબેન રૂમના બારણાં પાસે ઉભાં હતાં. પપ્પાજી કહે, ‘તારે પાંચ બહેનો બોરીવલીમાંથી ભગવાન ભજવા માટે તૈયાર કરવાની છે જો પાંચ નહીં થાય તો

વિમળાબેનને લઇ જઇશ.' ને બોરીવલી મંડળમાંથી વસંતબેન, નલિનીબેન, કુંદનબેન વીંછી અને ભારતીબેન એમ ચાર બહેનો તો તૈયાર હતા ને પાંચમા ભગવતીબેન આવ્યાં. આમ, પપ્પાજીની આજ્ઞા પળાઇ ગઇ. પપ્પાજી ગોંડલ ગયા ને તારદેવમાં યુવતી મંડળની બહેનોને જમાડવાના હતા તો પપ્પાજીએ ગોંડલથી પત્રમાં લખ્યું હતું કે, 'ભારતીબેનને તારદેવ જમવા બોલાવજો.'

આમ પ્રથમ ૫૧મા નંબર લાગી ગયો. ને ૧૯૬૬ની ૧લી જૂને કાષાંબરી દીક્ષા મળી. તેઓ રસોડાની ટુકડીમાં નાસ્તા વિભાગની સેવામાં હતા. મહેમાનો આવે તેને નાસ્તા વિભાગના બહેનો જ નાસ્તો કરાવે. ભારતીબેન ખૂબ વિવેકથી, માહાત્મ્યથી નાસ્તો કરાવતાં. આ જોઇ માસીબા ખૂબ રાજી થઇ ગયા. એ જ રીતે આશિષમંડળને જમાડવાની સેવા પણ નાસ્તા વિભાગના બહેનો કરતાં. એક વાર એક આશિષમંડળને કંઇક ખાવું ન હતું. ભારતીબેન કહે, તમારી થાળીમાં રહેવા દો. પછી હું લઇ લઇશ. આ સાંભળીને સૂરજબા ખૂબ રાજી થયા ને આશીર્વાદ આપ્યા કે, 'તને પપ્પાજી ચાર બહેનો જેવી સ્થિતિ કરાવી દેશે.' ૧૯૬૮માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું. ભારતીબેને વિશ્વાસના અંગે સાધના શરૂ કરી.

ભારતીબેન અદાના વ્હાલાં તેથી જ્યારે વિદ્યાનગર આવે ત્યારે પપ્પાજી ભારતીબેનને મળવા બોલાવે. એકવાર અદા બાની રૂમમાં દર્શન કરવા આવ્યા ત્યારે પપ્પાજી પણ હતા ને ભારતીબેનને ત્યાં બોલાવ્યા. બાની રૂમમાં ભારતીબેન રૂમના બારણાં પાસે ગાદલાંની થપ્પી હતી તેની બાજુમાં ઉભા હતા. પપ્પાજી કહે, 'આપણે બોરીવલીમાં જ્યોત ખોલીશું ને તને તેની મહંત બનાવીશું.' પપ્પાજીના એ વચનો અત્યારે સાકાર થયા છે.

ભારતીબેન નાસ્તાની ટુકડીમાં હતા ત્યારે તેમને ખૂબ જ ગરમી નીકળી એટલે સ્કીનની તકલીફ થઇ. આથી તેમને થોડો વખત આરામ કરવાનું કહ્યું. ત્યારે દીદી મળવા ન આવે અને મધુબેનને મોકલે. આથી ભારતીબેનને થાય મારું કોઇ નથી, ને તેમની પાસે જોગીબાપાની મૂર્તિ હતી તે લઇને ભજન કરે. સાજાં થયા પછી દીદી તેમને પૂછે ,'તને કોણ ગમે છે ?' ભારતીબેન કહે, 'મધુબેન' ને ત્યારથી તેમને મધુબેન પાસે મૂક્યા. પછી તેમને સિવણની ટુકડીમાં મૂક્યા. એક દિવસ

પપ્પાજી પધાર્યા ને કહે, 'તારે પ્રકાશનની ટુકડીમાં જવાનું.' ને આટલું ઓછું ભણ્યાં હોવા છતાં પપ્પાજીના વચને પ્રકાશનમાં સેવામાં ગયા. ને ત્યાં તે પપ્પાજીના પ્રવચન લખતાં, લેખની કોપી કરતાં. એકવાર ત્રીજા ગ્રુપની બધી બહેનોને પપ્પાજીના લેખ લખવા માટે ડાયરી આપી. ભારતીબેન અને કલ્પુબેને તે ડાયરી પપ્પાજી પાસે આશીર્વાદ લખવા આપી. પપ્પાજીએ કલ્પુબેનને બે પાના ભરીને આશીર્વાદ લખ્યા ને ભારતીબેનને દોઢ પાનું લખ્યું. દીદી કહે, 'ભારતી ! તારાં કરતાં કલ્પુને આશીર્વાદ વધારે લખી આપ્યા.' ભારતીબેન કહે, 'દીદી મારે ઓછું વર્તવાનું હશે એટલે મને થોડા લખ્યા ને કલ્પુબેનને વધારે વર્તવાનું હશે એટલે વધારે લખી આપ્યું.' ભારતીબેનની આવી સવળી વિચારસરણી જોઇ દીદી ખૂબ રાજી થઇ ગયા ને ભારતીબેન દીદીની પરીક્ષામાં પાસ થઇ ગયા. પછી ભારતીબેનને સફાઇની ટુકડીમાં મૂક્યા. હજુ સ્કીનનું મટતું ન હતું. તેમને થાય પપ્પાજી આ તમારું જ મૂકેલું છે. આ નથી મટતું તો તમે શું કરાવવા માગો છો કે હવે આ મટે ? ભજન કરતાં હતાં ને પપ્પાજી કહે, 'જળ લગાવો ને મૂર્તિમાં રહેતાં થઇ જાવ એટલે બધું મટી જશે.' ને ભારતીબેનને અમહિમાના વિચાર આવતાં તેમાંથી સવળા વિચાર કરતાં થઇ ગયા એ રીતે કર્યું ત્યાર પછી મટ્યું.

મંદિરમાં સભા થતી હતી ત્યારે ત્રીજા ગ્રુપને પ્રગટની પરાવાણી પુસ્તકમાં ચિંતન કણિકા છે તે સમજાવવાની. ભારતીબેને વાત કરી કે, 'મધુબેન મને રોજ બારણું બંધ કરવાનું કહે પણ તેઓ કરે નહીં. આમ આવી વાતમાં આપણને ગુરૂનું દેખાતું હોય.' પપ્પાજી આ વાત સાંભળીને કહે, 'સિંહ બકરાંને પકડે એમ ભારતી વિચારને પકડે છે.' ૧૯૭૪ની સાલમાં હર્ષદાબેન વીંછી અને હર્ષદાબેન દવેનો બોરીવલીમાં વિદાય સમારંભ હતો. ત્યારે પપ્પાજીએ ભારતીબેનને બોરીવલી મોકલ્યા. ભારતીબેને સભામાં અનુપમ પાંચમાંથી લેખ સમજાવ્યો. બધાને ખૂબ જ ગમ્યું. વિદ્યાનગર આવ્યા એટલે પપ્પાજી કહે, 'જુઓ ભારતીએ કેવો ડંકો માર્યો !' પછી લેખ સમજાવતાં કહે, 'માન સાથે અપમાન પણ થાય. આવી બધી પરીક્ષામાંથી પસાર થવું પડશે ત્યારે સ્થિતિવાળા થવાશે.'

ત્યાર પછી ભારતીબેનને સફાઇના કંટ્રોલ હેડ બનાવ્યા. એકવાર ભારતીબેન ડાયનીંગ હોલના દાદરા પાસે પડી ગયા. ડાબા હાથમાં ફ્રેક્ચર થયું.

ત્યારે જપયજ્ઞના હોલમાં સભા થતી. સોનાબા કહે, 'ડોકટરને હાથ બતાવવા જવું પડે. ઘરની દવાથી નહીં મટે.' ભારતીબેન અને લીલાબેન ડોકટર પાસે જવા નીકળ્યા ને પ્રભુકૃપામાં પપ્પાજીને પગે લાગવા ગયા તો પપ્પાજી કહે, 'પ્લાસ્ટર આવે ને તો કરાવીને જ આવજો.' મમ્મીજી કહે, 'પપ્પાજી એનો હાથ વાંકો ન રહેવો જોઈએ તમે પ્રોમીસ આપો પછી જ પ્લાસ્ટર મરાવીએ.' પપ્પાજી કહે, 'પ્લાસ્ટર મરાવીને જ આવજો.' ડાબા હાથમાં પ્લાસ્ટર આવ્યું ને જમણો હાથ સારો હતો. એટલે એક હાથે દાદરામાં ઝાડું પોતું કરે, પ્રભુકૃપાના કપડાં મચેડવા જાય, મધુબેનની ટુકડીમાં હતા તો એક હાથે ચોક ધોવાની સેવા કરતાં. ભારતીબેનને આ બધી સેવા કરતાં જોઈ પપ્પાજી કહે, 'હવે હાથ મટી જશે.' ને પછી હાથ મટી ગયો.

એકાદશી હતી બહેનો કકરા ચોકમાં જમતાં હતાં. પપ્પાજી પધાર્યા. મૂંડા પર બેઠા. ભારતીબેનને બોલાવ્યા ને તેમનું મફલર હારની જેમ ભારતીબેનને પહેરાવ્યું ને કહ્યું કે, ઈન્દુબેન સાથે અમદાવાદ જાવ.' ને અમદાવાદ ગયા. બે – ત્રણ મહિના અમદાવાદ રહ્યાં ને પછી દીદી તેમને પાછા લઈ આવ્યાં.

૧૯૮૭ની સાલમાં અદા બિમાર હતાં. પપ્પાજીએ ભારતીબેનને મુંબઈ બોલાવ્યા ને કહે, 'અદા તમારી રાહ જુએ છે.' અદા હોસ્પિટલમાં હતા ભારતીબેન મળીને ઘરે આવ્યાં ને અદા ધામમાં ગયા. ત્યારે પારાયણને બધું થઈ ગયું પછી પંદર દિવસ બોરીવલી રહ્યાં ને પછી પાછાં વિદ્યાનગર આવી ગયાં. ને બેસતા વર્ષના દિવસે સવારમાં કકરો ચોક વાળતાં હતાં ને ભારતીબેનને બોલાવ્યા સૂકામેવાનો પ્રસાદ આપી કહે, 'હવે આપણે મુંબઈ (બોરીવલી) જવાનું છે.' ને ૨૮-૧૦-૧૯૭૮ ના મુંબઈ આવી ગયા ને ત્યારથી બોરીવલી જ્યોતના મહંત તરીકે સેવા કરે છે.

ભારતીબેનમાં સાધુતા બહુ જ છે. ત્રેવડ ખૂબ કરે, હાજર જવાબી છે, ગમે તેવા સિરિયસ વાતાવરણને હળવું કરી દે અને તેમના જવાબ માહાત્મ્ય ભરેલા હોય. જીવનમાં અંતર્દ્રષ્ટિ કરે. પપ્પાજી, દીદી, મોટેરાં સ્વરૂપો મારા વર્તનથી રાજી થતાં હશે ને એવું આજે પણ મધુબેનને પૂછે. પહેલાં તો વિદેશ આવન જાવન માટે મુંબઈથી જ જવાનું થતું. આથી ત્યાં પરદેશથી આવનાર હરિભક્તોની તથા બહેનો

સ્વરૂપોની અવર જવર રહે અને ખૂબ જ સેવા રહે. ને સહુને સહુની રીતે સેવા કરી રાજી કરી લીધા છે. વિમળાબેનની બિમારીમાં પણ સ્વ ભૂલી સેવા કરી છે.

ભારતીબેનના મનમાં એક જ ઈચ્છા છે કે પપ્પાજી તમારી કૃપામાં આવ્યાં છીએ, તમારી નજર અમારા ભણી હતી એ નજરને આંબવું છે.

આવા સહૃદયી ભારતીબેનને સહુ સાધકોના પાયલાગણ સહ વંદન !!!